અપીલ અરજી નં.૨૬૫ તા.૧૩-૧૧-૦૯ /૧૦

અરજદારઃ શ્રી કેતન બાબુભાઈ વાધાણી

સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,

## ફરીયાદની હકીકતઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતન બાબુભાઈ વાધાણીની તા.૧૨-૧૦-૦૯ ની અરજીથી (૧) ધી બોમ્બે પ્રોવિઝનલ મ્યુ.કોર્પો. એકટની કલમ-૨૦૫ મુજબ નવા સાર્વજનિક રસ્તાઓ કરવા બાબત. સ્થાયી સમિતી ઠરાવ નં.૯૩/૧૯૯૯ માં નકશા મુજબ નંબર-૯ અને ઠરાવમાં અનુક્રમ નંબર ૮૭ વરાછા મેઈન રોડથી શરૂ થઈ મોહન નગર સોસાયટી થઈ લંબે હનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસાયટીથી માતાવાડી ૪૦' ના નગર નિયોજન (ટી.પી.) રસ્તાને જોડતો રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો શું આ વાત ખરી છે? તો તેને અમલીકરણ કરવાના કયા-કયા પગલા લેવામાં આવ્યા? અને કયારે? (તારીખ અને વર્ષ જણાવવું) વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૩-૧૧-૦૯ ની અપીલ અરજી નં.૨૬૫/૨૦૦૯-૧૦

શ્રી કેતન બાબુભાઈ વાધાણીની તા.૧૨-૧૦-૦૯ ની અરજીથી (૧) ધી બોમ્બે પ્રોવિઝનલ મ્યુ.કોર્પો. એકટની કલમ-૨૦૫ મુજબ નવા સાર્વજનિક રસ્તાઓ કરવા બાબત. સ્થાયી સમિતી ઠરાવ નં.૯૩/૧૯૯૯ માં નકશા મુજબ નંબર-૯ અને ઠરાવમાં અનુક્રમ નંબર ૮૭ વરાછા મેઈન રોડથી શરૂ થઈ મોહન નગર સોસાયટી થઈ લંબે હનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસાયટીથી માતાવાડી ૪૦' ના નગર નિયોજન (ટી.પી.) રસ્તાને જોડતો રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો શું આ વાત ખરી છે? તો તેને અમલીકરણ કરવાના કયા-કયા પગલા લેવામાં આવ્યા? અને કયારે? (તારીખ અને વર્ષ જણાવવું) વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩-૧૧-૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૭ તા.૨૧-૧૧-૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતાને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પુરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડેલ નથી.પરંતુ વરાછા ઝોન કચેરી તરફથી મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની તા.૧૨-૧૦-૦૯ની અરજી તેમના પત્ર નં.૩૮૫ તા.૧૫-૧૦-૦૯ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યેની નકલ અત્રે મળેલ છે.

અરજદારે તા.૧૨-૧૦-૦૯ ની અરજીથી (૧) ધી બોમ્બે પ્રોવિઝનલ મ્યુ.કોર્પો. એકટની કલમ-૨૦૫ મુજબ નવા સાર્વજનિક રસ્તાઓ કરવા બાબત. સ્થાયી સમિતી ઠરાવ નં.૯૩/૧૯૯૯ માં નકશા મુજબ નંબર-૯ અને ઠરાવમાં અનુક્રમ નંબર ૮૭ વરાછા મેઈન રોડથી શરૂ થઈ મોહન નગર સોસાયટી થઈ લંબે હનુમાન રોડ શિવનગર સોસાયટીથી રંગઅવધૂત સોસાયટીથી માતાવાડી ૪૦' ના નગર નિયોજન (ટી.પી.) રસ્તાને જોડતો રસ્તો મંજુર કરવામાં આવ્યો હતો શું આ વાત ખરી છે? તો તેને અમલીકરણ કરવાના કયા-કયા પગલા લેવામાં આવ્યા? અને કયારે? (તારીખ અને વર્ષ જણાવવું) (૨)આ રસ્તા ઉપર સામાન્ય ખુલ્લી જગ્યાનો (સી.ઓ.પી.) ઠરાવ કેવી રીતે મંજુર કરવામાં આવ્યો? (ઈ.સ.૨૦૦૦) આ ઠરાવની નકલ આપવી. (૩) સવાલ ૧ ના ઠરાવ માં ફેરફાર કરવામાં આવ્યો હોય તો તેની નકલ આપવી. (૪) જો ઠરાવ (૧) માં કોઈ ફેરફાર કરવામાં ન આવ્યો હોય તો ઠરાવ નંબર (૨) કેવી રીતે મંજુર કરવામાં આવ્યો? કયા કાયદા ધ્વારા? તેની નકલ જોવા માંગીએ છીએ. (૫) જો સામાન્ય ખુલ્લી જગ્યા (સી.ઓ.પી.) મંજુર કરવામાં ન આવી હોય તો સવાલ (૧) મુજબની કાર્યવાહી કયા કારણે કરવામાં આવી નથી? કયા કારણે? તે વિગતવાર જણાવવું (૬) ૧૨-૯-૦૭ ના દિવસે "ઝોન આપના ધ્વારે " કાર્યક્રમમાં રૂબરૂમાં અને લેખિતમાં તથા ૨૦-૫-૨૦૦૮ ના દિવસે લેખિતમાં કમિશનરને રજૂઆત કરી હતી. તો તે રજૂઆત અંગે કયાં પગલા લેવામાં આવ્યા અને ન લેવામાં આવ્યા તો કયાં કારણોસર? વિગતવાર જણાવવા માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જવાબ આપેલ હોવાનું જણાતુ નથી. તેમજ અત્રેની કચેરીને કોઈ વિગત મોકલી નથી. અરજદારે અપીલ અરજીમાં માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી અપીલ કરવામાં આવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨-૧૦-૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય કાયદાની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : -૧૨ -૦૯.

ડે.કમિશ્નર(જનરલ),<br>અને એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી કેતન બાબુભાઈ વાધાણી